**રેગ્યુલર દિવાની કેસ નં.૨૪૫/૨૦૨૧**

**આંક–૧ તળેનો હુકમ..**

આજ રોજ જનરલ લોક અદાલતમા કન્સીલેટરોના સમજાવવાથી સદર દાવાના કામે પક્ષકારો વચ્ચે કરારદાદ મુજબ સમાધાન થતા રજુ થયેલ કરારદાદ આંક–૫ વંચાણે લીધી. પક્ષકારોને સદર સમાધાન કબુલ મંજુર હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

: હુકમ:

પ્રતિવાદી વાદી કંપનીની લેણી રકમ રુા.૯,૯૦૪/– ના દાવા પેટે (રુા.૮,૧૫૦/– તથા રુા.૧૨૫૦/– લીગલ ચાર્જ મળી) રુા.૯,૪૦૦/– ભરવા સંમત થાય છે અને વાદી કંપની રુા.૫૦૪/– જતા કરે છે અને પ્રતિવાદી આજ રોજ રુા.૩,૪૦૦/– વાદી કંપનીમા ભરે છે.

વાદી કંપની બાકી રહેતી રકમ રુા.૬,૦૦૦/– પ્રતિવાદીએ દર મહીને એક હપ્તો, એમ કુલ ચાર હપ્તેથી રકમ ચુકવવાની રહેશે. જેમાં રુા.૧,૫૦૦/– ના હપ્તા મુજબથી અંગ્રેજી માસની ૧ થી ૧૦ તારીખ સુધીમા વાદી કંપનીની કચેરીએ જઈ ભરી આપવાના છે અને સદરહુ હપ્તા નિયમીત ભરવાના છે. એક પણ હપ્તો ભરવામા પ્રતિવાદી ચુક કરે તો ચડેલ, વગર ચડેલ તેમજ જતી કરેલ તમામ રકમ એકી સાથે વ્યાજ સહીત પ્રતિવાદીની તમામ પ્રકારની જાત મીલ્કતથી વસુલ મેળવવા વાદી હકકદાર રહેશે.

કરારદાદ મુજબ હુકમનામુ દોરવુ.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

નિયમ મુજબ વાદીના નામનુ કોર્ટ ફી રીફંડ કાઢી આપવુ.

(અભિનવ મુદગલ)
એડીશ્નલ સિવિલ જજ
બોટાદ.
જીજે.૦૧૩૩૨

તા. ૧૧/૦૯/૨૦૨૧
બોટાદ